જીઈબી કોલોનીમાં ૮ કેસ સાથે શહેરમાં ૩૦ કેસ

શહેરમાં ૩૧૦ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા છે : ૧૮૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં : શહેરમાં આજે સે. ૧૨માં ૩, સે. ૭માં ૩, સે. ૧માં ૩, સે. ૨૮માં ૩, જીઈબી કોલોનીમાં ૮ તો સે. ૬માં બે કેસ ઉપરાંત સે. ૨, ૪, ૨૭, ૩૦, ૫, ૨૩, ૧૯ અને ૧૪માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. આજે એક જ દિવસમાં આ વિસ્તારમાંથી ૮ કેસ મળી આવતાં તંત્ર સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ.

શહેરમાં આજે ૩૦ કેસ નોંધાયાનું મનપાનું તંત્ર કહી રહ્યુ છે જ્યારે રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં ૫૭ કેસ શહેરમાં નોંધાયા હોવાનું જણાવ્યુ છે.

શહેરમાં રોકેટ ગતિએ કેસો વધી રહ્યા છે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના ધસારાને ધ્યાને રાખી વધુ બે ખાનગી હોસ્પિટલમાં પથારીની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. શહેરમાં કેસોની સંખ્યા ૩ હજારને પાર કરી જતાં શહેરમાં કોરોનાના વિસ્ફોટની સ્થિતિ ઉભી થવા પામી છે.

શહેરમાં આજે મહિલા દર્દીઓ અને મોટી વયના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. જો કે મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર પર સતત લાઈનો જોવા મળી રહી છે.

શહેરમાં આજે સે. ૧૨ માં ૩, સે. ૭માં ૩, સે. ૧ માં ૩, સે. ૨૮ માં ૩, જીઈબી કોલોનીમાં ૮ તો સે. ૬ માં બે કેસ ઉપરાંત સે. ૨, ૪, ૨૭, ૩૦, ૫, ૨૩, ૧૯ અને ૧૪ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સેક્ટર-૧૨માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૨૪ વર્ષીય ઈન્ટર્ન ડૉક્ટર સંક્રમિત થવા પામેલ છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ બ્રધર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૩ વર્ષીય ઈન્ટર્ન મહિલા તબીબ પણ સંક્રમિત થયેલ છે.

સ. ૬ માંથી પણ આજે બે કેસ મળી આવેલ છે. ગુજરાત ગેસ કંપનીમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગી તેમજ ૪૭ વર્ષીય એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૮ માં ઈન્ક્વાયરી ઓફિસમાં ફરજ બજાવતા ૫૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ૩ કર્મયોગીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માં રહેતી અને સોલા સિવિલમાં ડૉક્ટર તરીકે ફરજો બજાવતી ૩૦ વર્ષીય મહિલા તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૪ માંથી ૨૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧ માંથી આજે ૩ કેસ મળી આવેલ છે. સે. ૧ માં રહેતા અને દહેગામ ખાતેની ખાનગી કંપનીમાં સંકળાયેલ ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૧ માં રહેતી અને ફેશન ડિઝાઈનર તરીકે કામ કરતી ૩૦ વર્ષીય મહિલા તેમજ ૨૩ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૮ માંથી પણ આજે ૩ કેસ મળી આવેલ છે. ૨૬ વર્ષીય ગૃહણી, ૫૮ વર્ષીય ગૃહીણી તેમજ એમ.બી. પટેલ સ્કૂલમાં ફરજો બજાવતી ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩૦ માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૭ માં રહેતા બાવળા ખાતે નાયબ ઈજનેર તરીકે નોકરી કરતા ૫૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માંથી ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૯ માંથી શિક્ષિકા તરીકે ફરજો બજાવતી ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૪માં રહેતા સે. ૨૧માં ટેલિફોન ઓપરેટર તરીકે સુવિધા કચેરીમાં નોકરી કરતા ૫૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાંથી આજે ૮ કેસ મળી આવ્યા છે. જેણે તંત્રને પણ ચોંકાવી દીધુ છે. જો કે થોડા સમય અગાઉ મનપા તંત્રએ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે માટે જીઈબી સત્તાવાળાઓને લેખિતમાં પણ જણાવ્યુ હતુ.

બિરસા સનલાઈફ કંપનીમાં ફરજ બજાવતી ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૩ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આઈ.આઈ.ટી. વસ્ત્રાપુરમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જીઈબીમાં ઈજનેર તરીકે ફરજો બજાવતા ૪૧ વર્ષીય ઈજનેરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૨૭ વર્ષીય યુવા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જીઈબી કોલોનીમાં અત્યાર સુધીમાં ૮૦ કેસ નોંધાતા તંત્ર પણ હવે સતર્ક બન્યુ છે.

શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે. શહેરમાં આજ સુધીમાં ૧૮૨ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૩૧૦ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા છે.

અમદાવાદમાં લગાવાયેલા કર્ફયુની અસર ગાંધીનગરમાં જોવા મળી રહી છે. પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી હાલ પુરતું બસોનું સંચાલન બંધ કરી દેવાયું છે. મુસાફરોથી સતત ધમધમતું બસ સ્ટેન્ડ મુસાફરો વિના ખાલી લાગી રહ્યું છે.

‘માર્યો વિભાગ માર્યો પરિવાર’

ઊર્જા-પેટ્રોલિયમ વિભાગના તમામ કર્મયોગીઓના દર સપ્તાહે એન્ટીજન ટેસ્ટ કરવામાં આવે છે

રોજેરોજ ટેમ્પરેચર અને ઓક્સિજન લેવલની ચકાસણી કરી રિપોર્ટ કાર્ડ તૈયાર કરાયા

ગાંધીનગર, તા. ૨૨

મારો વિભાગ એ જ મારો પરિવારની ઉચ્ચ વિચારધારા સાથે ઊર્જા અને પેટ્રોલિયમ વિભાગ કોરોના સામેના જંગમાં કામગીરીને આગળ ધપાવી રહેલ છે. અગ્ર સચિવ સુનયના તોમરે વૈશ્વિક મહામારીને ધ્યાને રાખી વિભાગના તમામ કર્મયોગીઓનું ધ્યાન રાખવાનો નિર્ણય કર્યો છે.

વિભાગમાં દરેક કર્મચારી સવારે કચેરીમાં આવે ત્યારે થર્મલ ગનથી ટેમ્પરેચરની માપણી, ઓક્સીજન લેવલ માપવામાં આવે છે. આ ઉપરાંત સેનીટાઈઝેશનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ બધો જ રેકર્ડ તેઓ તેમની ઓફિસમાં મેળવી લે છે. જેથી કોઈ કર્મચારી કે અધિકારી સંક્રમિત થયો છે કે નહિ તેની તેમને તરત જ ખબર પડે.

અગ્ર સચિવ સુનયના તોમર ગાંધીનગર જિલ્લા માટે પણ પ્રભારી તરીકેનો કાર્યભાર સંભાળી રહ્યા છે. તેઓ દર સપ્તાહે ગુગલ મીટ એપ દ્વારા જિલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર અને મ્યુનિ કમિશનર સાથે બેઠક કરી સમીક્ષા કરે છે.

સુશ્રી તોમરે જિલ્લામાં પ્રભારી તરીકે નિયુક્તી પછી મનપાની કચેરી, ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ સુવિધાઓ અને સર્વેલન્સની કામગીરી પણ રૂબરૂ મુલાકાત લઈ વિગતો મેળવી હતી.

વિભાગના કર્મયોગીઓ માટે તેમણે અપનાવેલા અભિગમની ચર્ચાઓ હવે સચિવાલયમાં ટોક ઓફ ધી પોઈંટ બની ઉભરી રહ્યો છે. એવુ જાણવા મળેલ છે કે તેઓ દર સપ્તાહે તેમના તમામ કર્મયોગીઓનો રેપીડ એન્ટીજન ટેસ્ટ પણ કરાવી અને તેમના રિપોર્ટ કાર્ડ મેળવે છે. દિપાવલી પછી વધેલા સક્રમણને ધ્યાને રાખી તેમણે તમામ કર્મયોગીઓના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવવા માટેની તૈયારીઓ કરી લીધી છે અને આ અંગેનું આયોજન તેના આખરી તબક્કામાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ કેસ નોંધાયા, સરકાર કહે છે ૩૭ કેસ છે

ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૮, કલોલમાં ૭ અને માણસામાં ૪ કેસ : સારવાર દરમ્યાન કલોલની મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩૧ કેસ નોંધાયા છે. જો કે રાજ્ય સરકારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૭ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાંથી આજે સારવાર દરમ્યાન ૧ દર્દીનું મોત થયુ છે. કલોલ તાલુકાની ૬૦ વર્ષીય મહિલા દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે તેથી તંત્રની ચિંતા પણ વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓ તેમજ મોટી વયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્ર ચિંતીત બન્યુ છે. આ ઉપરાંત અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળી રહ્યા હોવાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાંથી ૧૨, દહેગામમાંથી ૮, કલોલમાંથી ૭, માણસામાંથી ૪ કેસ મળી આવ્યા છે. દહેગામમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. રેપીડ એન્ટીજન ટેસ્ટમાં મળેલા દર્દીઓ અંગે તંત્ર મૌન સેવી રહ્યુ છે.

વાવોલમાંથી ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ

● અનુસંધાન પાના - ૭ પર

જિલ્લામાં રવિ સીઝનનું ૨૮ હજાર હેક્ટરમાં વાવેતર

સૌથી વધુ વાવેતર માણસામાં આ પછી દહેગામમાં થયુ : ઠંડીનું જોર વધતાં વાવણી કાર્ય વેગીલુ બનશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં જમીનમાં ભેજનું પ્રમાણ સારૂ હોવાથી રવિ સીઝનની વાવણી માટે ખેડૂતો ઉત્સાહિત જણાયા છે. જિલ્લામાં ૨૦-૧૧-૨૦ સુધીમાં ૨૮૦૪૦ હેક્ટર વિસ્તારમાં રવિ સીઝનનું વાવેતર થઈ ચુક્યુ છે.

જો કે હજુ ઠંડીનું વાતાવરણ જોઈએ તેવુ જામ્યુ નથી. દિવસના તાપમાનમાં બહુ ઘટાડો જોવા મળી રહ્યો નથી પણ જમીનમાં ભેજના પ્રમાણને લઈ ખેડૂતોએ વાવણીનો આરંભ કરી દીધો છે.

આ વખતે ચણા, ચમાકુ, રાઈનું વાવેતર પણ સારૂ એવુ નોંધાયુ છે. જો કે રવિ સીઝનમાં ઘઉં અને બટાટા ઉપરાંત શાકભાજીનું વાવેતર સારૂ થયુ છે. જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં નોંધાયુ છે. જ્યાં ૧૧૧૨૨ હેક્ટરમાં વાવેતર થયુ છે. આ પછી દહેગામમાં ૭૫૮૮ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૬૨૬૮ હેક્ટરમાં અને કલોલમાં ૩૦૬૨ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે બટાટાનું વાવેતર ૪૧૬૪ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૩૮૧૧ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૧૭૦૦ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૫૮૦ હેક્ટરમાં અને ઘઉંનું વાવેતર ૪૩૨૪ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં આમ તો ઘઉં અને બટાટાનું વાવેતર એ રવિ સીઝનના મુખ્ય પાક ગણવામાં આવે છે. બટાટાના બિયારણનો ભાવ વધુ હોવા છતાં ખેડૂતોએ વાવેતર આરંભી દીધુ છે. જો કે આમાં કોન્ટ્રેક્ટ ફાર્મિંગ વધારે થયાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ગત રવિ સીઝનમાં બટાટાનું વિક્રમી વાવેતર થયુ હતુ જે નોંધનીય છે.

જિલ્લામાં આ વખતે ૧ હેક્ટરમાં જીરૂના પાકનું વાવેતર થયાનું જાણવા મળેલ છે. કલોલ તાલુકામાં આ વાવેતર થયુ છે. ઠંડી વધતાં આગામી દિવસોમાં વાવણીનું કાર્ય વધુ વેગીલુ બનશે તેમ મનાઈ રહ્યુ છે. ચણા, તમાકુ, બટાટા અને ઘઉંના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. રવિ સીઝનમાં સામાન્યતઃ ૬૦ થી ૭૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર દર વર્ષે થાય છે જે નોંધનીય છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક હળવો થતાં એર ક્વોલીટી ઈન્ડેક્ષમાં આંશિક સુધારો થયો છે.
- મતદારયાદી સુધારણા અભિયાનના ખાસ ઝુંબેશમાં આજે મધ્યમ પ્રતિસાદ લોકોએ આપ્યો છે.
- ગાંધીનગર કોર્પોરેશન, જિલ્લા પંચાયત દ્વારા કોરોનાની વિગતો જે અપાય છે અને સરકાર જે આંકડા કહે છે તેમાં હજુ સંવાદિતા સધાઈ ન હોવાથી લોકો ચિંતામાં પડ્યા છે.
- હદનો વિવાદ માત્ર ગૃહ વિભાગમાં જ હોય છે તેવુ નહિ મહેસુલ, આરોગ્ય વિભાગમાં પણ આ વિવાદો ઉભા થયાની વાતો લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.
- ગાંધીનગર જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અને બે તાલુકા આરોગ્ય અધિકારીઓને પ્રતિ નિયુક્તી પર આરોગ્ય કમિશનરની કચેરીમાં મુકાયા છે. જો કે બે તાલુકા આરોગ્ય અધિકારીઓની જગ્યા પર અન્ય અધિકારીઓની નિયુક્તી પણ કરવામાં આવી છે.
- શહેરના જાણીતા આર્કિટેક કમલેશ જથલનું નિધન. શહેરની રચનામાં સદ્‌ગતનું મહત્ત્વનું યોગદાન.

સાદરા ચિલોડા માર્ગ પર મોપેડ સ્લીપ ખાઈ જતા યુવકને ઈજા

સાદરા થી ચિલોડા જતા માર્ગ પર સાંજના સુમારે એક યુવક શંકાસ્પદ હાલતમાં મોપેડ લઈને ઉભો હતો. નંબર વિનાનું મોપેડ જોતા પોલીસે તેનો પીછો કરતા યુવકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા મોપેડ પરનો કાબુ ગુમાવી સ્લીપ ખાઈ જતા યુવકને મોંઢાના ભાગે તેમજ હાથે અને શરીરે ઈજા પહોંચી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો સાદરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે સમયે ચેખલારાણી ગામના પાટીયાથી દોલારાણા વાસણા ગામના પાટીયા તરફ આવતા એક યુવક મોપેડ લઈને ઉભો હતો. યુવકની હિલચાલ શંકાસ્પદ લાગતા પોલીસ તેની તરફ જતા યુવકે પોલીસને જોઈને મોપેડ દોડાવી દીધુ હતું.

લોથલની વિરાસત અને મુંબઈ પોર્ટની નગર વસાહત રચના એ ગુજરાતની મોટી ખોજ છે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

દુનિયાનું પહેલું સમુદ્રી બંદર ઈ.સ. પૂર્વે ૨૩૦૦ની આસપાસ ગુજરાતના દરિયા કિનારે આવેલું લોથલ હતું અને તેની રચના આજેય પણ નિષ્ણાંતોને આંજી નાંખે તેવી છે. ગુજરાત આજે તેના સમૃદ્ધ બંદરોથી સમગ્ર વિશ્વમાં ઓળખાય છે પરંતુ આ બંદરો પરથી ભૂતકાળમાં થયેલા વેપારની ઓળખ ભાગવત અને મહાભારતના સમય જેટલી પુરાણી છે. રાજ્યના બંદરો ઉપર વિશાળપાયે મૂડીરોકાણને ઉત્તેજન મળતાં ભારતના તમામ બંદરોએ થતી કુલ નિકાસના ૨૫ ટકા નિકાસ એકલા ગુજરાતના બંદરો ઉપરથી થાય છે. કોઈપણ દેશના વિકાસ માટે આયાત-નિકાસ ખૂબ જ મહત્વની બાબત હોય છે. ભારતના કુલ ૭૫૦૦ કિલોમીટરના સાગરકિનારા પૈકી ગુજરાતના ૧૬૬૪ કિલોમીટરના સાગરકિનારે ૪૨ જેટલા મહત્વના બંદરો આવેલા છે. ગુજરાતના વેપારીઓએ વર્ષોથી દરિયાઈ માર્ગે દુનિયાભરના દેશો સાથે વેપાર કરીને વિદેશી હૂંડીયામણ લાવી આપવાનું કામ કર્યું છે. ગુજરાતનું કંડલા બંદર એક એવું છે કે જેને ઓલ વેધર પોર્ટ તરીકે ઓળખવામાં આવે છે.

● કરાંચી પાકિસ્તાનમાં જતાં કંડલાનો વિકાસ થયો...

જ્યારે અખંડ ભારત હતું ત્યારે કરાંચી દેશનું મહત્વનું બંદર હતું પરંતુ ભાગલા પછી કરાંચી પાકિસ્તાનમાં જતું રહેતાં ભારતમાં શ્રેષ્ઠ બંદરની જરૂરિયાત ઉભી થઈ હતી ત્યારે ભારતે કંડલા બંદર ઉપર પોતાની પસંદગી ઉતારી હતી. તત્કાલિન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ ૧૯૫૨ની ૨૦મી જાન્યુઆરીએ કંડલા બંદરનું ખાતમૂહૂર્ત કર્યું હતું. આજે આ બંદરના વિકાસે પાછું વાળીને જોયું નથી. માલની આયાત-નિકાસ ઉપરાત આટલા મોટા સાગર કિનારાના કારણે ગુજરાતમાં મત્સ્યોદ્યોગ પણ વિકાસ પામ્યો છે. આ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સરકારે ૧૯૭૭માં વેરાવળ તથા માંગરોળને મત્યબંદર તરીકે જાહેર કર્યા હતા. આજે ગુજરાતના બંદરો પરથી ૨૪૦૦ લાખ મેટ્રીકટન માલસામાનની હેરફેર થાય છે. બંદરોના વિકાસ માટે ગુજરાત સરકારે ૧૯૮૨માં મેરીટાઈમ બોર્ડની રચના કરી હતી, જે ૪૬ લઘુ બંદરોનું વ્યવસ્થાપન સંભાળે છે.

● સુરતમાં ૮૪ દેશોના વહાણો આવતા હતા...

એક સમયે સુરત એ દેશનું અતિ મહત્વનું બંદર ગણાતું હતું. દુનિયાભરના દેશો સાથે દરિયાઈ માર્ગે વેપાર થતો હતો. સુરત બંદરે ૮૪ દેશોના વહાણો લાંગરેલા જોવા મળતા હતા અને એટલે જ સુરત આજુબાજુના વિસ્તારને ચોર્યાસી તરીકે ઓળખવામાં આવે છે. સુરત ઉપરાંત માંડવી બંદરે પણ આટલા જ વહાણો લાંગરતા હતા. અંગ્રેજોએ પોતાની પહેલી કોઠી સુરતમાં સ્થાપી હતી અને ફિરંગીઓ(ડચ) પણ સુરતમાં સ્થાયી થયા હતા. બંદરોની સાથે ગુજરાતમાં દરિયાઈ જીવસૃષ્ટી પણ અનેકપ્રકારની હોઈ તે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. જામનગર પાસેનું મરીન પાર્ક એ દેશનું બીજા નંબરનું દરિયાઈ અભ્યારણ્ય છે જેમાં સંખ્યાબંધ ટાપુઓ આવેલા છે. આ પાર્કમાં ૨૦૦ પ્રકારની દરિયાઈ જીવસૃષ્ટીના દર્શન કરી શકાય છે. હાલમાં ભલે સુંવાલીનો દરિયો સહેલાણીઓ માટે ગોઝારો બન્યો છે પરંતુ ૧૯મી સદી પહેલાં આ દરિયો ગુજરાતનું મહત્વનું બંદર ગણાતો હતો. સુવાલીની જેમ ગુજરાતના ૩૨ બંદરો પરથી આખા વિશ્વમાં વ્યાપાર થતો હતો. રાજ્યમાં કેટલાય બંદરો લુપ્ત થયાં છે.

બનાસકાંઠાનું થરાદ પણ એક સમયે બંદર હતું, સુરતમાં ૮૪ દેશોના વહાણો લાંગરતા હતા

● એકલું ગુજરાત ૪૨ બંદરોનું માલિક છે...

ભારતના દરિયાકાંઠે કુલ ૨૦૫ બંદરો આવેલા છે જે પૈકી ૧૩ મોટા, ૨૧ મધ્યમ અને ૧૪૦ નાના બંદરો આવેલા છે. એકલું ગુજરાત ૪૨ બંદરોનું માલિક છે. પ્રાચીનકાળથી ગુજરાત મહત્વનું વેપારીમથક હતું તેનું મૂળ કારણ આ બંદરો છે. મધ્ય-પૂર્વ આફ્રિકા તથા યુરોપના દેશો સાથે વેપાર માટે ગુજરાત ખૂબ મહત્વનું કેન્દ્ર હતું. કહેવાય છે કે યુરોપના લોકો નદી ઓળંગતા ડરતા હતા તે સમયથી ગુજરાતીઓ દરિયો ખેડે છે. આજથી સદીઓ પહેલા વિકસેલા ગુજરાતના દરિયાકાંઠે બંદરોથી ગુજરાતીઓએ ગ્લોબલાઈઝેશનની ક્રાન્તિ સર્જી હતી. ગુજરાતનો એ સુવર્ણકાળ હતો. ઈતિહાસમાં ઉલ્લેખ છે કે સૌ પ્રથમ જેટી બંદર બાંધવાની શરૂઆત કરનારા કચ્છના ખેંગારજી ત્રીજા હતા. ૧૯૦૯માં મોરબીના ઠાકોર સર વાઘજીએ નવલખી બંદર વિકસાવ્યું હતું, જેની પાછળ નવ લાખ રૂપિયાનો ખર્ચ થયો હોવાથી બંદરનું નામ નવલખી પડ્યું છે.

● ગ્લોબલાઈઝેશનમાં ઈન્ડિયન ઓશનનો ફાળો...

ફ્રાન્સના સુબોર્ન શહેરમાં આવેલા મેરીટાઈમ હીસ્ટ્રી ઈન્સ્ટીટ્યુટ એ દુનિયાભરની મેરીટાઈમ હીસ્ટ્રીની રસપ્રદ વિગતો મેળવવાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધર્યો છે. સદીઓ પહેલા ભારત અને વાગણ્યાગાંઠયા દેશો પૈકીનો એક હતો જેના દરિયા કાંઠેથી વહાણો દુનિયાભરના દેશોમાં માલ સામાન લઈને જતા હતા.એટલે આ પ્રોજેક્ટમાં ભારતનો સમાવેશ કરાયો છે અને તેના હેડ તરીકે સારા કેલરની નિમણૂંક કરવામાં આવી છે. સારા કેલરને મદદ કરી રહેલા પ્રોફેસર સક્સેના કહે છે કે જ્યારે મેરીટાઈમ હીસ્ટ્રીની વાત આવે ત્યારે ભારતીય મહાસાગર એટલે કે ઈન્ડીયન ઓશન બહુ જ મહત્વનો બની જાય છે. કારણકે સદીઓ પહેલા દુનિયામાં વ્યાપારનુ જે પણ ગ્લોબલાઈઝેશન થયુ હતુ તેમાં ઈન્ડીયન ઓશનનો ફાળો સૌથી વધારે હતો.

સમગ્ર ભારતમાં જેટલા બંદરો આવેલા છે તે પૈકી ત્રીજાભાગના બંદરો ગુજરાતમાં મોજૂદ છે

● લોથલની નગરરચના વિશ્વમાં મશહૂર હતી...

ઈતિહાસકારોના મતે દુનિયાનું પહેલું સમુદ્રી બંદર ઈ.સ. પૂર્વે ૨૩૦૦ની આસપાસ ગુજરાતના દરિયાકિનારે લોથલ ખાતે બાંધવામાં આવ્યું હતું. આ લોથલ સુનિયોજીત નગર હતું અને તેની નગર રચના આજે પણ નિષ્ણાંતોને આંજી નાંખે તેવી છે. ડો. એસ.આર.રાવને નવેમ્બર ૧૯૫૪માં ‘લોથલ માઉન્ડહ્લની ભાળ મળી અને ૧૯૫૫ થી ૧૯૬૦ સુધી ચાલેલા ઉત્ખનનનાં અંતે પ્રાચીનયુગના અદભુત અને સુવિકસિત નગર લોથલની શોધ થઈ હતી. લોથલના બાંધકામની વાત કરીએ તો તેનું ટાઉન પ્લાનિંગ બે વિભાગોમાં વહેંચાયેલું હતું. જેમાં એક એક્રોપોલીસ, જ્યાં રાજ પરિવાર રહેતો હતો. બીજો લોઅર ટાઉન, જ્યાં સ્થાનિક બજાર તેમ જ સામાન્ય પ્રજા અને વ્યાપારી વર્ગનાં રહેઠાણ હતાં. લોથલના મ્યુઝિયમની વાત કરીએ તો તે આપણને આ સ્થળે ચાર હજાર વર્ષ પહેલાંના જીવનની ઝાંખી કરાવે છે. મ્યુઝિયમમાં લોથલમાંથી મળેલાં સિલ્સ એન્ડ સિલિંગની વરાયટી છે. તેમનાં માટીનાં વાસણો, બીડ્સ, જ્વેલરી, તીર, અરીસા માટે ઉપયોગમાં લેવાતો પત્થર, ફિશહુક, ધાર્મિક વિધિનાં સાધનો અને વેઈટ મેઝર્સ વગેરે તેમ જ લોથલનાં ઈર્નૂફમેટિવ નકશા, ઈલસ્ટ્રેશન્સ અને મોડલ પણ છે. તેમનાં રમકડાંનાં અવશેષો આપણને વિચારતા કરી મૂકે એવા છે.

ભાગલા પછી કરાંચી પાકિસ્તાનમાં જતું રહેતા ભારતે ગુજરાતના કંડલા બંદરનો વિકાસ કર્યો

● બનાસકાંઠાનું થરાદ પણ એક જમાનાનું બંદર...

ભારતીય રજવાડાઓમાં દરિયાઈ વેપાર- વાણિજ્યના કારણે સમૃદ્ધિ હતી. આપણે વહાણવટા અને સમુદ્રી વેપારમાં કુશળ હતા તે ઈતિહાસ બતાવે છે. જે પેઢી ઈતિહાસ જાણે છે તે જ નવો ઈતિહાસ રચી શકે છે. માનવ સંસ્કૃતિ પુરાતનકાળમાં જળતટ ઉપર વિકસતી હતી. એક યુગમાં ખંભાત બંદર હતું તે સહુ કોઈ જાણે છે, પરંતુ બનાસકાંઠાનું થરાદ એક જમાનામાં બંદર હતુ, તેની કોઈને જાણ ન હતી. લોથલની બંદરીય વિરાસત અને મુંબઈ બંદરની નગર વસાહત રચના ગુજરાતની ખોજ છે. સુરત દુનિયાના યુદ્ધ જહાજો બાંધવાનો ખ્યાતનામ જહાજવાડો હતો. ગુજરાત આ સામુદ્રિક ઈતિહાસની વૈભવી વિરાસતનો મહિમા અને જાહોજલાલી પુનઃપ્રસ્થાપિત કરી રહ્યું છે.

● ઘોઘાના ખલાસી દુનિયામાં ઉત્તમ કહેવાતા...

પોર્ટ ક્ષેત્રની ફેક્ટ ફાઈલ જોઈએ તો સમગ્ર દેશના કુલ બંદરો પૈકી ત્રીજાભાગના ગુજરાતમાં આવેલા છે. એક વાયકા પ્રમાણે કાનજી માલમ નામના માંડવીના ખારવાએ વાસ્કો-દ-ગામાને કાલિકટનો રસ્તો બતાવ્યો હતો. મહાભારત, હરિવંશપુરમ, ભાગવત તેમજ મત્સ્યપુરાણમાં ગુજરાતના બંદરોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ગુજરાતના અને ખાસ કરીને ઘોઘાના ખલાસીઓ એ જમાનામાં આખી દુનિયામાં ઉત્તમ કોટીના ગણાતા હતા. ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જે જળ અને સ્થળ દ્વારા પાકિસ્તાન સાથે જોડાયેલું છે. ઋગ્વેદમાં અવર અને અપર સમુદ્રનો ઉલ્લેખ છે જે આજે અરબી સમુદ્રના નામે ઓળખાય છે. તે સમયે સઢ અને હલેસાંથી ચાલતી હોડીઓ અને અગ્નિનૌકાનું અસ્તિત્વ હોવાનો ઈતિહાસમાં ઉલ્લેખ છે.